દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૯ એપ્રિલ, ૨૦૨૬

વર્ષોથી આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ વચ્ચે પણ ઈરાને તેનો અણુ સંવર્ધન કાર્યક્રમ ચાલુ જ રાખ્યો છે

ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હાલ વિશ્વમાં સૌથી વધુ ચર્ચામાં છે, અને તેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે તીવ્ર ચિંતા ફેલાઈ છે. ઈરાન દાવો કરે છે કે તેની પરમાણુ સુવિધાઓ સંપૂર્ણપણે નાગરિક હેતુઓ માટે છે, જેમાં ઉર્જા ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે. 2003 માં ઈરાનના ગુપ્ત પરમાણુ શસ્ત્ર કાર્યક્રમનો અંત આવ્યો હોવા છતાં , ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવવાની નજીક જઈ રહ્યું છે તેવી આશંકાથી, ખાસ કરીને ઈઝરાયલ , યુનાઇટેડ સ્ટેટ્સ , યુરોપિયન રાષ્ટ્રો અને પર્સિયન ગલ્ફમાં આરબ રાજ્યો સાથે તણાવ વધી રહ્યો છે. 2025 અને 2026 માં ઈઝરાયલી અને યુનાઇટેડ સ્ટેટ્સના લશ્કરી હુમલાઓ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી છે . પરમાણુ ટેકનોલોજીનો વિકાસ પહલવી યુગમાં શરૂ થયો હતો અને 1979ની ઈરાની ક્રાંતિ પછી પણ ચાલુ રહ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ટેલિજન્સ કોમ્યુનિટીએ 2007માં મૂલ્યાંકન કર્યું હતું કે ઈરાને 1980ના દાયકાના અંતથી 2003 સુધી AMAD પ્રોજેક્ટ હેઠળ પરમાણુ શસ્ત્રો બનાવ્યા હતા, પછી તેના પ્રયાસો બંધ કરી દીધા હતા. 2002માં નાતાન્ઝ અને અરાક ખાતે અઘોષિત પરમાણુ સ્થળો અને 2009માં ફોર્ડો ખાતે ખુલ્લા પાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ વ્યાપકપણે વિદેશી આક્રમણ અથવા પ્રભુત્વથી બચવા માટે સમર્થન આપતો હોવાનું માનવામાં આવે છે. અન્ય પ્રસ્તાવિત પ્રેરણાઓમાં ઇઝરાયેલી પરમાણુ શસ્ત્રો સામે પ્રતિસંતુલન, યુનાઇટેડ સ્ટેટ્સ સાથેની વાટાઘાટોમાં લાભ અથવા આતંકવાદ અથવા ઇઝરાયલ સામે ધમકીઓ માટે ઈરાનના કથિત સમર્થનનો વિસ્તાર શામેલ છે. 2005 માં, IAEA બોર્ડ ઓફ ગવર્નર્સે ઈરાનને તેના NPT સલામતી કરારનું પાલન ન કરતું શોધી કાઢ્યું હતું અને 2006 માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ ઈરાનને યુરેનિયમ સંવર્ધન બંધ કરવાની માંગ કરી અને પ્રતિબંધો લાદી દીધું હતું. 2010 ના દાયકાની શરૂઆતમાં, યુએસ, EU, રશિયન અને ચીની અધિકારીઓ અને વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ઈરાન પરમાણુ વિલંબનો પીછો કરી રહ્યું છે, પરંતુ શસ્ત્રો રાખવાનો નહીં. યુએસ અને ઇઝરાયલે 1990 ના દાયકાના યુએસ ઓપરેશન મર્લિન , 2009 માં સંયુક્ત રીતે વિકસિત સ્ટક્સનેટ કમ્પ્યુટર વોર્મનો ઉપયોગ અને 2010 થી ઈરાની પરમાણુ વૈજ્ઞાનિકોની ઇઝરાયલી હત્યાઓ સાથે, ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ, ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ , ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ, ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ, ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ, ઈરાન-ઇઝરાયલ પ્રોક્સી સંઘર્ષનો ભાગ, ઈરાન પરમાણુ કાર્યક્રમને ગુપ્ત રીતે ઘટાડાનો પ્રયાસ કર્યો હતો. 2015 માં, ઈરાન દ્વારા P5+1 , ચીન, ફ્રાન્સ, રશિયા, યુકે, યુએસ અને જર્મની સાથે સંયુક્ત વ્યાપક કાર્ય યોજના પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઈરાન પ્રતિબંધોમાં રાહતના બદલામાં, અરક, ફોર્ડો, ઇસ્ફહાન અને નાતાન્ઝ સહિત ઈરાનમાં પરમાણુ સુવિધાઓ પર વ્યાપક દેખરેખ અને પ્રતિબંધ મૂકવા સંમત થયું હતું. 2018 માં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એકપક્ષીય રીતે યોજનામાંથી ખસી ગયા, પ્રતિબંધોનું મહત્તમ દબાણ અભિયાન લાદી દીધુ હતું અને ઈરાને સમૃદ્ધ યુરેનિયમનો સંગ્રહ કરવાનું શરૂ કર્યું હતું અને મોટાભાગે IAEA દેખરેખ સ્થગિત કરી દીધી હતી. 2024 ના અંતમાં, ગુપ્તચર એજન્સીઓએ યુએસ અધિકારીઓને સમજાવ્યા કે ઈરાન એક ક્રૂડ ગન-પ્રકારના ફિશન હથિયારની શોધ કરી રહ્યું છે , જે મિસાઈલ દ્વારા પહોંચાડી શકાતું નથી, જે થોડા અઠવાડિયામાં બનાવી શકાય છે. ઈરાન અને અમેરિકા એપ્રિલ 2025 થી દ્વિપક્ષીય વાટાઘાટોમાં રોકાયેલા છે. જેનો હેતુ પ્રતિબંધો રાહત માટે ઈરાનના કાર્યક્રમને રોકવાનો છે, જોકે ઈરાનના નેતાઓએ યુરેનિયમ સંવર્ધન બંધ કરવાનો ઇનકાર કર્યો છે. 12 જૂન 2025 ના રોજ, IAEA એ શોધી કાઢ્યું કે ઈરાન 2005 પછી પહેલી વાર તેના NPT સલામતી કરારનું પાલન કરતું નથી. 13 જૂનના રોજ, ઇઝરાયલે ઈરાની લશ્કરી નેતાઓ, પરમાણુ વૈજ્ઞાનિકો અને પરમાણુ સુવિધાઓને લક્ષ્ય બનાવીને હવાઈ હુમલા શરૂ કર્યા, જેનાથી બાર દિવસના ઈરાન-ઇઝરાયલ યુદ્ધની શરૂઆત થઈ હતી. 22 જૂનના રોજ, યુનાઇટેડ સ્ટેટ્સે ત્રણ ઈરાની પરમાણુ સ્થળો પર મોટા બંકર-બસ્ટર બોમ્બથી બોમ્બમારો કર્યો હતો. ત્યારબાદ ઈરાને IAEA સાથે કામગીરી સ્થગિત કરી દીધી. ઓગસ્ટમાં, ફ્રાન્સ, જર્મની અને યુકેએ સ્નેપબેક મિકેનિઝમ શરૂ કર્યું હતું. જેણે સપ્ટેમ્બરમાં યુએન પ્રતિબંધો ફરીથી લાગુ કર્યા. ઓક્ટોબરમાં, ઈરાન, રશિયા અને ચીને જાહેર કર્યું કે તેઓ JCPOA સમાપ્ત કરે છે અને યુએન પ્રતિબંધો કાયદેસર રીતે રદબાતલ માને છે.

ફેબ્રુઆરી 2026 માં, 2003 માં ઇરાક પરના આક્રમણ પછી મધ્ય પૂર્વમાં સૌથી મોટા યુએસ લશ્કરી સંચય પછી ઇઝરાયલ અને યુનાઇટેડ સ્ટેટ્સે ઇરાન સામે મોટા પાયે હુમલાઓ શરૂ કર્યા , જેમાં ઇરાની પરમાણુ અને મિસાઇલ કાર્યક્રમોને એક વાજબી ઠેરવવામાં આવ્યા હતા. ૨૦૦૦ માં, ઈરાને સંવર્ધન માટે યુરેનિયમ હેક્સાફ્લોરાઇડ ફીડસ્ટોકનું ઉત્પાદન કરવા માટે ચીની ડિઝાઇન પર આધારિત, ઇસ્ફહાન ખાતે યુરેનિયમ રૂપાંતર પ્લાન્ટ પૂર્ણ કર્યો. [46] તેણે યુરેનિયમના સ્થાનિક સ્ત્રોતો પણ વિકસાવ્યા: યાઝદ પ્રાંતમાં સાઘંદ ખાણ (ચીની સહાયથી) અને ગલ્ફ કિનારા નજીક ગચીન ખાણ અને મિલ. ગચાઇન યુરેનિયમ ખાણ 2004 માં કાર્યરત થઈ હતી અને હવે એવું માનવામાં આવે છે કે તે મૂળ લશ્કરી સંચાલિત પરમાણુ પ્રયાસનો ભાગ હતી, જે 2003 માં જાહેર ન થાય ત્યાં સુધી IAEA થી છુપાવવામાં આવી હતી. આ પગલાંથી ઈરાનને શસ્ત્રો-સક્ષમ પરમાણુ બળતણ ચક્ર માટે કાચા માલ અને પૂર્વગામી પ્રક્રિયાઓની સ્વતંત્ર એક્સેસ મળી હતી. અનેક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ વચ્ચે પણ ઇરાને તેનો પરમાણું સંવર્ધન કાર્યક્રમ ચાલુ જ રાખ્યો છે. અમેરિકા ખાસ કરીને ઇઝરાયેલને સૌથી મોટી ચિંતા તેના આ કાર્યક્રમની જ છે. જો ઇરાન પરમાણું શસ્ત્રો બનાવવામાં સફળ થઇ જશે તો મિડલ ઇસ્ટમાં તેનું પ્રભુત્વ ઇઝરાયેલ કરતાં પણ વધી જાય તેમ છે એટલા માટે જ અમેરિકા અને ઇઝરાયેલ બંને મરણિયા થઇ ગયા છે. તેમની સૌથી મોટી ચિંતા એ છે કે, ઇરાન જે રીતે હુતી અને હિજબુલ્લાને મદદ કરી રહ્યું છે તે જોતા તે કોઇપણ શસ્ત્રનો ઉપયોગ કરતાં નહીં અચકાઇ તે નક્કી જ છે.

કૃષ્ણને પ્રિય બનવા

એક દિવસ કૃષ્ણ કદંબના ઝાડ નીચે બેસીને વાંસળીના મીઠા સૂર રેલાવી રહ્યા હતા ત્યારે રાધાએ કૃષ્ણને થોડી રીસ સાથે પૂછ્યું, ''કાન્હા, આ વાંસળીને તું હંમેશા તારી સાથે ને સાથે રાખે છે. કાં તો તારે હોઠે હોય નહિ તો તારી કમરે. આ તારી વાંસળીની બધાને ઈર્ષ્યા થાય છે.''કનૈયાએ કહ્યું, ''મને વાંસળી બહુ પસંદ છે એટલે.'' રાધાએ તરત પૂછ્યું, ''માધવ, તને આ વાંસળી બહુ પસંદ છે! કેમ બહુ પસંદ છે?'' કૃષ્ણ હસ્યા અને મંદ મંદ સ્મિત રેલાવતા વાંસળીના સૂર છેડવા લાગ્યા. રાધા પણ વાંસળીના સૂરોમાં ખોવાઈ ગઈ.થોડી વાર પછી કૃષ્ણે રાધાના હાથમાં વાંસળી આપી અને કહ્યું, ''રાધે, જો તો આ વાંસળીની અંદર એવું તે શું છે જેમાંથી આટલા સુંદર સૂર નીકળે છે?'' રાધાએ વાંસળીની અંદર જોયું. વાંસળી અંદરથી પોલી હતી અને તેની અંદર કંઈ જ ન હતું.વાંસળી અંદરથી એકદમ ખાલી હતી.રાધાએ કહ્યું, ''કાન્હા, આ વાંસળી તો પોલો વાંસનો ટુકડો છે. તેની અંદર કંઈ જ નથી. તે તો એકદમ ખાલી છે.'' કૃષ્ણે કહ્યું, ''રાધે, વાંસળી અંદરથી એકદમ ખાલી છે અને થોડી ફૂંક મારું છું તે પણ પોતાની પાસે નથી રાખતી. તેમાંથી મધુર સૂર બનાવી ચારે બાજુ રેલાવે છે એટલે મને આ વાંસળી બહુ પ્રિય છે.'' રાધાએ પૂછ્યું, ''એટલે...કંઈ સમજાયું નહિ, માધવ'' કૃષ્ણે કહ્યું, ''જો રાધા, વાંસળીની અંદર કંઈ જ નથી. તે સાવ ખાલી છે અને જે મળે છે તેને પણ પોતાની પાસે ન રાખતાં વધુ સુંદર બનાવી બધાને માટે ચારે બાજુ પ્રસરાવી દેવાનો વાંસળીનો ગુણ મને બહુ ગમે છે એટલે વાંસળી મને પ્રિય છે.'' આટલું કહી કૃષ્ણ ફરી વાંસળી વગાડવા લાગ્યા અને રાધિકા તે મધુર સૂરોમાં ખોવાઈ ગયાં. કૃષ્ણના પ્રિય બનવું હોય તો વાંસળીની જેમ અંદરથી પૂરાં ખાલી થઇ જાવ, મનની અંદર કંઈ જ ભરી ન રાખો. મનમાં કંઈ જ ન રાખીએ, સારી ખરાબ યાદો, સુખદુઃખ, બધું જ પ્રભુના ચરણે સમર્પિત કરી દઈએ તો કૃષ્ણના પ્રિય બની જઈએ. જીવનમાં જે મળે, જેટલું મળે તેને સ્વીકારી માત્ર પોતાની પાસે ન રાખતાં ખુશીથી વહેંચીને ચારે બાજુ મધુરતા ફેલાવીએ તો કૃષ્ણનાં પ્યારાં બની જઈએ.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બેન્જામીન નેત્યનાહુ નામનું અનિષ્ટ આ દુનિયાના અસ્તિત્વ સામેનો સૌથી મોટો ખતરો છે

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

અમેરિકા-ઈરાન-ઈઝરાયલ જંગને કારણે આજે સમગ્ર વિશ્વ ઊંચા શ્વાસે જીવે છે, જાણે કે, સર્વનાશની મહાન ભયાનક ખીણની ધાર ઉપર આવીને જગત આખુંય ઊભું રહી ગયું. એક નાનકડો આંચકો પણ એ હવે ખમી શકે તેમ નથી. એક બાજુ નેત્યનાહુ જેવો વિકૃત અને ખૂની માનસિકતા ધરાવતો યહૂદી વડાપ્રધાન છે, તેને માટે યુદ્ધ પૂરું થાય તો જેલના સળિયા પાછળ ધકેલાઈ જવાનું નક્કી છે. બીજે બધેથી તો ઠીક પણ જમણેરી કટ્ટરતાવાદી માનસ ધરાવતા એના દેશ ઇઝરાયલમાંથી પણ હવે નેત્યનાહુ માટે અણગમાના સૂર ઉઠવા માંડ્યા છે. બીજી બાજુ ટ્રમ્પ છે, એક એવી વિકૃત અને પાશવી મનોવૃત્તિનો માણસ જે એના ચમચાઓ સાથે યુદ્ધના ચઢાવ-ઉતારને ધાર્યા પ્રમાણેનો વળાંક આપી દુનિયાભરના શૅરબજારોમાં ઉથલપાથલ કરાવે છે અને અબજો ડૉલરની કમાણી કરતા હોવાનો આ લોકો સામે આક્ષેપ છે.

કહેવાય છે કે, આ સટોડિયા અને તરંગી માણસ ડોનાલ્ડ ટ્રમ્પનો હાથ પકડીને લોહીભૂખ્યો નેત્યનાહુ એને યુદ્ધમાં ઘસડી ગયો જેના પરિણામો આજે અમેરિકાની ઈજ્જન-આબરૂના લીરેલીરા ઊડી ગયા છે. આ યુદ્ધને કારણે ઈસ્લામિક જગતનું અતિ સમૃદ્ધ અને નેતૃત્વ કરનાર રાજ્ય સાઉદી અરેબિયા આવા કપરા સમયે નેતૃત્વ પૂરી પાડવાની તેની અશક્તિના કારણે વામણું પુરવાર થયું છે. અતિ સમૃદ્ધ એવા આ દેશની પણ ઈસ્લામિક જગતમાં આબરૂ એવા તો ફૂટ્યા ઢોલે ઢિબાઈ છે કે પાકિસ્તાન જેવો દેશ એના સામે વિશ્વફલક પર અમેરિકા અને ઈરાનના મધ્યસ્થી તરીકે ઉપસ્યો છે. બરાબર આજ રીતે વર્ષો સુધી એક કુશાસિત ટેકનોસેવી, સલામત અને આધુનિકતમ આંતરમાળખાકીય સવલતોથી સુસજ્જ યુએઈ અને દુબાઈ અને ત્યાર બાદ શાહજાહ સિંગાપુરને પાછળ હડસેલીને વિશ્વ આખામાં વ્યાપાર-ધંધા માટે પ્રથમ પસંદગીના સ્થળ તરીકે ઉપસ્યા હતા એની પણ ઈજ્જત-આબરૂના ઢોલ પીટાઈ ગયા છે.

એક ઈઝરાયલ અને એના દોરાયા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનમાં તો વિનાશ વેર્યો, દુનિયાભરના પાંચ ડઝન કરતાં વધુ દેશો નેત્યનાહુને આ નરસંહાર માટે જવાબદાર ગણી 'વૉર ક્રિમિનલ - યુદ્ધ ગુનેગાર' તરીકે વિશ્વ અદાલત સમક્ષ ખડો કરવા માગે છે ત્યારે હજુ પણ નેત્યનાહુને યુદ્ધ સળગતું રહે તેવા અભરખા પૂરા કરવા છે. આ એક વ્યક્તિના કારણે બીજા વિશ્વયુદ્ધમાં હિટલર અને નાઝીવાદીઓએ યહૂદી કોમ ઉપર જે અત્યાચારો ગુજાર્યા તેને કારણે યહૂદીઓ માટે જે લાગણી અને સહાનુભૂતિ પ્રવર્તતી હતી એ નેત્યનાહુને કારણે આજે તિરસ્કારમાં ફેરવાઈ ગઈ.

હોર્મુઝની સામુદ્રધૂનીમાં એક એક નવો દિવસ નવી સમસ્યા લઈને ઊગે છે. જોકે અમેરિકા અને ઈરાન વચ્ચેની મંત્રણાઓનો તખતો ગોઠવાયો છે. આ આખીયે કવાયતને પાકિસ્તાન તરફી વલણ અખત્યાર કરીને ચીન તેમજ તુર્કી છુપા આશીર્વાદ આપી રહ્યા છે. રશિયા પણ યુદ્ધવિરામની તરફેણમાં છે તેવે સમયે દૂધપાકના તપેલામાં લીંબુનાં બે ટીપાં નિચોવી આખો ઘાણ બગાડી નાખવા માટે નેત્યનાહુ નામનો નરરાક્ષસ હજુ પણ ધમપછાડા કરી રહ્યો છે.

રશિયા પણ યુદ્ધવિરામની તરફેણમાં છે તેવે સમયે દૂધપાકના તપેલામાં લીંબુનાં બે ટીપાં નિચોવી આખો ઘાણ બગાડી નાખવા માટે નેત્યનાહુ નામનો નરરાક્ષસ હજુ પણ ધમપછાડા કરી રહ્યો છે

નેત્યનાહુ માત્ર ઈરાન કે લેબેનોનનો દુશ્મન નથી, જગત આખાની માનવસંસ્કૃતિનો દુશ્મન છે. જો ઈરાન-અમેરિકા વચ્ચે મહાયુદ્ધ ફાટી નીકળે તો એમાં ઝંપલાવવા માટે યુએઈ પણ કૂદકા મારી રહ્યું છે, તેવા સંયોગોમાં નેત્યનાહૂ નામની એક જ વ્યક્તિ આજે આખી દુનિયા સામે એક મોટું અનિષ્ટ બનીને ઉભર્યો છે. પાકિસ્તાન સાથે અન્ય ઘણા બધા મુદ્દે ઘણા બધા મતભેદો અને કટૂતા હોઈ શકે પણ નેત્યનાહૂને લાગેવળગે છે ત્યાં સુધી પાકિસ્તાનના વિદેશમંત્રીએ એને આ દુનિયા ઉપરનું સૌથી મોટામાં મોટું અનિષ્ટ ગણાવ્યો છે તે સર્વથા યોગ્ય છે, એમાં કોઈ શંકા નથી. જગત આખું ઊંચા શ્વાસે અમેરિકા-ઈરાન શાંતિવાર્તા આગળ વધે અને આપણો આ ગ્રહ સર્વનાશમાંથી બચી જાય તે માટે આતુર છે. આશા રાખીએ, મહાઅનિષ્ટ નેત્યનાહુનો અસ્ત થાય અને લાંબાગાળાની વિશ્વશાંતિનો ઉદય થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટ્રમ્પની બીજી મુદત: અમેરિકી લોકશાહીના પતનનો આલેખ

સમયાંતર

રામચંદ્ર ગુહા

સત્તાનો અતિરેક અને સંસ્થાઓનો વિનાશ: ટ્રમ્પ વિરુદ્ધ અમેરિકા

વ્યાવસાયિક ઈતિહાસકારોએ માનવજાતના ભાગ્યને ઘડવામાં વ્યક્તિઓની ભૂમિકાને ઓછી આંકવાની વૃત્તિ દાખવી છે. ઈ.એચ. કારે તેમના 1961ના પુસ્તક 'વોટ ઈઝ હિસ્ટ્રી?'માં પ્રખ્યાત રીતે 'બેડ કિંગ જોન અને ગુડ ક્વીન બેસ' (ખરાબ રાજા જોન અને સારી રાણી બેસ) પ્રકારના ઈતિહાસલેખનની મજાક ઉડાવી હતી. હવે એ સાચું છે કે, કાર્લ માર્ક્સે એક વાર કહ્યું હતું તેમ, વ્યક્તિઓ તેમની પસંદગીના સંજોગોમાં ઈતિહાસ નથી બનાવતી. તેઓ પ્રવર્તમાન આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓ અને ખાસ કરીને (માર્ક્સના તર્ક મુજબ) ટેક્નોલોજી અને વર્ગ સંબંધોનો પ્રભાવ હોય છે. તેમ છતાં, પ્રસંગોપાત વ્યક્તિઓ ઈતિહાસ ઘડવામાં મહત્ત્વની અને નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે- સારા માટે અને ખાસ કરીને ખરાબ માટે. લેનિન વિના કદાચ સોવિયેત રાજ્ય ન હોત અને હિટલર વિના ચોક્કસપણે નાઝી રાજ્ય ન હોત.

અમેરિકા પર ટ્રમ્પનો પ્રથમ હુમલો સરકારની અંદર નિર્ણય લેવાની પ્રક્રિયા પર થયો છે. જો કે વેસ્ટમિન્સ્ટર પ્રણાલી હેઠળ વડા પ્રધાન કરતાં અમેરિકન રાષ્ટ્રપતિ તક્નિકી રીતે વધુ શક્તિશાળી હોય છે, તેમ છતાં તેઓ અન્ય લોકો સાથે સક્રિયપણે પરામર્શ કરવા માટે બંધાયેલા હોય છે. જો કે, ટ્રમ્પે કોંગ્રેસ અને ઘણી વાર પોતાની કેબિનેટને પણ બાયપાસ કરીને એકપક્ષીય રીતે કાર્ય કરવાનું પસંદ કર્યું છે. જરા વિચાર કરો કે, રાષ્ટ્રપતિ તરીકેના તેમના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષમાં ટ્રમ્પે 225 જેટલા એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ (કારોબારી આદેશો) પસાર કર્યા. આમાંના કેટલાક ઓર્ડર્સના વિનાશક પરિણામો આવ્યાં છે. જેમ કે, મહત્ત્વપૂર્ણ સરકારી વિભાગો બંધ કરવા અને મનસ્વી રીતે ટેરિફ દરો બદલવા. અન્ય આદેશો માત્ર હાસ્યાસ્પદ છે, જેમ કે 'ફેડરલ ગવર્નમેન્ટમાં વોક એઆઈને અટકાવવા' અને બીજો 'અમેરિકાના ટ્રક ડ્રાઈવરો માટે રોડના સામાન્ય નિયમો લાગુ કરવા' બાબતે.

અમેરિકા પર ટ્રમ્પનો બીજો હુમલો નિષ્પક્ષ કારોબારીની વિભાવના પર રહ્યો છે. આ ખાસ કરીને ન્યાય વિભાગના તેમના શસ્ત્રીકરણ અને રાજકીય વિરોધીઓ તેમજ કાયદા અને પોતાના વિવેકબુદ્ધિ મુજબ કામ કરનારા પ્રામાણિક અધિકારીઓને હેરાન કરવા માટે તેના ઉપયોગના પ્રયાસોમાં સાચું ઠરે છે. દરમિયાન, તેમણે ડેમોક્રેટ્સ દ્વારા ચલાવવામાં આવતાં રાજ્યોમાં આઈસીઈ એજન્ટો મોકલ્યા છે, જેઓ તેમની નીતિઓ સાથે સંમત ન હોય તેવાં નાગરિકોને ડરાવવા અને ધમકાવવાનો પ્રયાસ કરે છે. ટ્રમ્પનો ત્રીજો હુમલો અમેરિકન સૈન્ય પર રહ્યો છે. કાયદા દ્વારા રાષ્ટ્રપતિના આદેશો લેવા માટે બંધાયેલા હોવા છતાં સૈનિકોએ કોઈ ખાસ પક્ષ સાથે અને કોઈ ખાસ રાજકારણી સાથે પોતાની ઓળખ જોડવાની હોતી નથી. ટ્રમ્પે ગયા વર્ષે પોતાના જન્મદિવસ સાથે સુસંગત દેશની રાજધાનીમાં લશ્કરી પરેડનું આયોજન કરીને આ પરંપરાનું ઉલ્લંઘન કર્યું હતું. કારણ કે, તે અધિકારીએ બઢતીઓને જાતિ અથવા વંશીય પૂર્વગ્રહથી મુક્ત રાખવાનો પ્રયાસ કર્યો હતો. તક્નિકી રીતે જોઈએ તો અમેરિકન સૈન્ય વિશ્વમાં સૌથી અદ્યતન છે, તેમ છતાં તેની સંસ્થાકીય ક્ષમતાઓ પર તેની કામગીરીને રાજકીય બનાવવાના આ પ્રયાસોથી ચોક્કસપણે પ્રતિકૂળ અસર પડી છે.

ટ્રમ્પનો ચોથો હુમલો પ્રેસની સ્વતંત્રતા પર રહ્યો છે. તેમણે કેટલાક મીડિયા-માલિકોને (સૌથી વધુ ચર્ચિત, વોશિંગ્ટન પોસ્ટના જેફ બેઝોસને) તેમના આઉટલેટ્સને તેમના વહીવટીતંત્ર અને તેમના પ્રત્યે વધુ સાનુકૂળ વલણ અપનાવવા માટે ડરાવ્યા છે. અન્ય કિસ્સાઓમાં, તેમણે મીડિયા આઉટલેટ્સ (ઉદાહરણ તરીકે, સીબીએસ) ને તેમના અંગત નજીકના અબજોપતિઓ દ્વારા કબજે કરવામાં સક્રિયપણે સુવિધા આપી છે, જેઓ તેમની ક્રિયાઓના ટીકાત્મક કવરેજને દબાવવાની સંભાવના ધરાવે છે.ટ્રમ્પનો પાંચમો હુમલો તેમના દેશની બહુ-પ્રશંસિત યુનિવર્સિટીઓ પર રહ્યો છે. તેની શરૂઆત ત્યારે થઈ જ્યારે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીએ ગાઝામાં ઈઝરાયેલની નરસંહારની કાર્યવાહી સામે વિરોધ પ્રદર્શનો કર્યાં, જે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો હતાં, પરંતુ રાષ્ટ્રપતિને એટલો પ્રચંડ ગુસ્સો આવ્યો કે તેમણે ફેડરલ ફંડિંગ કાપવાની અને યુનિવર્સિટીના એન્ડોમેન્ટ્સ (દાનનિધિ) પર ટેક્સ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પ અમેરિકાની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓને તેમના રાજકારણ અને તેમના પૂર્વગ્રહોને અનુરૂપ બનાવવા માંગે છે, ભલે તેનો અર્થ સ્વતંત્ર બૌદ્ધિક તપાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા છોડી દેવી હોય, જેણે આ યુનિવર્સિટીઓને ઉચ્ચ પ્રતિષ્ઠા આપી છે. (યુનિવર્સિટીઓ પર ટ્રમ્પના હુમલાઓ વ્યાપકપણે વિજ્ઞાન પરના તેમના હુમલાઓ સાથે સુસંગત છે. તેમના પ્રથમ કાર્યકાળમાં તેમણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શિયસ ડિસીઝના ડાયરેક્ટર એન્થોની ફૌચીના કોવિડ-19 રોગચાળાને સમાવવાના પ્રયત્નોને સતત નબળા પાડ્યા હતા. તેમની બીજી મુદતમાં તેમણે પેરાનોઈડ રસી-વિરોધી રોબર્ટ એફ. કેનેડી જુનિયરને તેમના આરોગ્ય સચિવ તરીકે નિયુક્ત કર્યા છે.

ટ્રમ્પનો છઠ્ઠો હુમલો તેમના દેશના સૌથી વિશ્વસનીય અને અડગ સાથીઓ પર રહ્યો છે. પાડોશી કેનેડા, જેની સાથે યુનાઈટેડ સ્ટેટ્સના હંમેશાં ઉત્તમ સંબંધો રહ્યા છે, તેણે પોતાને વ્યાપાર યુદ્ધો, જમીન પર કબજો કરવો અને ત્યાં સુધી કે તેમના વડા પ્રધાનને યુનાઈટેડ સ્ટેટ્સના 51મા ગવર્નર તરીકે ફરીથી નિયુક્ત કરી દેવા જેવી ધમકીઓનો સામનો કરવો પડ્યો છે. ઉત્તર એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો) ના અન્ય સભ્યોની તેમની મજાક ચાલુ છે. નાટો 1949માં તેની સ્થાપના થઈ ત્યારથી એક સંયોજિત અને મોટા ભાગે ઘર્ષણમુક્ત જોડાણ રહ્યું હતું, જે પાછલા વર્ષમાં ગંભીર તણાવ હેઠળ આવ્યું છે. તેમનો વેરભાવ વ્યક્તિગત સ્વરૂપ ધારણ કરે છે, જેમાં યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન અને સ્પેનના વડા પ્રધાન સામે અપમાનજનક ટિપ્પણીઓનો સમાવેશ થાય છે. છેલ્લે, ટ્રમ્પ દ્વારા રાષ્ટ્રપતિપદને જ ઈરાદાપૂર્વક નબળું પાડવાની યાદી આપવી જ જોઈએ. આ તેમની સોશ્યલ મીડિયા પોસ્ટ્સની અપમાનજનક ભાષામાં અને તેમના પરિવાર અને મિત્રોને સમૃદ્ધ બનાવવા માટે તેમના પદનો દુરુપયોગ કરવાની તત્પરતામાં પ્રગટ થાય છે. તેમણે જીવંત સ્મૃતિમાં અન્ય કોઈ પણ રાષ્ટ્રપતિ કરતાં તેમના પદને વધુ કલંકિત કર્યું છે. મને એક છેલ્લો મુદ્દો રજૂ કરવા દો. રાષ્ટ્રપતિ તરીકેની તેમની પ્રથમ મુદતમાં, ડોનાલ્ડ ટ્રમ્પ ઘણી વાર વિચિત્ર અને તરંગી રીતે વર્ત્યા હતા. તેમની બીજી મુદતમાં, તેમની ક્રિયાઓને વધુ સચોટ રીતે જોખમી અને દૂષિત તરીકે દર્શાવી શકાય છે. હું માનું છું કે તફાવત એ છે કે તે દરમિયાન તેમણે અને તેમના સલાહકારોએ-અગાઉના લોકશાહી માળખામાં કાર્યરત અન્ય સરમુખત્યારોની પદ્ધતિઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે અને સીધી રીતે તેનું અનુકરણ કરવાનો પ્રયાસ કર્યો છે-જેમ કે હંગેરીમાં વિક્ટર ઓર્બન, તુર્કીમાં રેસેપ એર્દોગન, ઈઝરાયેલમાં બેન્જામિન નેતન્યાહુ અને છેલ્લે, ભારતમાં નરેન્દ્ર મોદી, જેમણે ટ્રમ્પ પહેલાં, પ્રેસને ડરાવવા, ન્યાયપ્રણાલીને હથિયાર બનાવવા, સૈન્યનું રાજકીયકરણ કરવા, યુનિવર્સિટીઓ પર કબજો મેળવવા વગેરે માટે સખત મહેનત કરી હતી. આ તમામ વ્યક્તિઓએ તેમના દેશની લોકશાહી ક્ષમતાઓને નબળી પાડી છે, સાથે સાથે વિશ્વમાં તેમના દેશનું સ્થાન પણ ઘટાડ્યું છે. પરંતુ કદાચ ઈતિહાસ ટ્રમ્પને સૌથી વધુ નુકસાન પહોંચાડનાર તરીકે ગણશે, કારણ કે પૃથ્વી પરના સૌથી ધનિક, સૌથી શક્તિશાળી, સૌથી વૈજ્ઞાનિક રીતે અદ્યતન અને સૌથી પ્રભાવશાળી દેશ હોવાને કારણે, યુનાઈટેડ સ્ટેટ્સ પાસે ગુમાવવા માટે ઘણું બધું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ભેળસેળનું વિશાળ જાળું

થાળીમાંથી શરીર સુધી ફેલાઈ રહ્યું છે ધીમું ઝેર, સુરતનો ખુલાસો ચેતવણી સમાન, દેશભરમાં ભેળસેળનું ભયાનક સત્ય. સુરતના સચિન GIDC માં નકલી ઘી ફેક્ટરીનો ખુલાસો એ ફક્ત સ્થાનિક ગુનો નથી, પરંતુ સમગ્ર દેશમાં ફેલાયેલા ભેળસેળના સંગઠિત નેટવર્કનું ભયાનક ચિત્ર છે. 1 કિલો શુદ્ધ ઘીમાંથી 15 કિલો નકલી ઘી બનાવવા માટે વપરાતી ટેકનોલોજી કાયદાનું ઉલ્લંઘન જ નથી કરતી પરંતુ સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે પણ ખુલ્લેઆમ ચેડાં કરે છે. વિદુર જેવાં નામો પાછળ છુપાયેલું આ ઝેર દેશભરનાં ઘણાં રાજ્યોમાં પહોંચી રહ્યું હતું, જેનાથી સ્પષ્ટ થયું કે ભેળસેળ હવે નાના પાયે છેતરપિંડી નથી પરંતુ એક મોટો અને સંગઠિત ઉદ્યોગ છે. ભેળસેળ કરનારાઓ સામે કડક અને ત્વરિત કાર્યવાહી સુનિશ્ચિત કરવી જરૂરી છે. ગુનેગારોને કડક સજા સુનિશ્ચિત કરવા અને અન્ય લોકો માટે ઉદાહરણ તરીકે સેવા આપવા માટે કાયદાઓને વધુ મજબૂત બનાવવા જોઈએ. વધુમાં, બજારમાં વેચાતાં ઉત્પાદનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે નિયમિત અને વ્યાપક ખાદ્ય પરીક્ષણ હાથ ધરવાં જોઈએ. ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટ્રેકિંગ અને મોનિટરિંગ સિસ્ટમને મજબૂત બનાવવી એ પણ સમયની જરૂરિયાત છે. સરકારની સાથે, ગ્રાહકોની પણ જવાબદારી છે. વિશ્વસનીય બ્રાન્ડ્સ અને પ્રમાણિત ઉત્પાદનોને પ્રાધાન્ય આપવું જોઈએ. વધુમાં, જો કોઈ ઉત્પાદનની ગુણવત્તા અંગે કોઈ શંકા હોય, તો સંબંધિત વિભાગમાં ફરિયાદ નોંધાવવી જોઈએ. આ સમસ્યા સામે લડવામાં જાગૃત ગ્રાહક જ સૌથી મોટું શસ્ત્ર બની શકે છે.

સુરત - કાંતિલાલ માંડોત

આરક્ષણ પછી, પ્રથમ સંરક્ષણ આપો

નાસિકની ટીસીએસ કંપનીમાં મહિલા કર્મચારીઓના ધર્માંતરણ અને શારીરિક શોષણની ચોંકાવનારી ઘટના સામે આવી. દેશભરમાં વ્યક્તિગત કે સામુહિક રીતે મહિલા શોષણ, અત્યાચારની બનતી આવી ઘટનાઓ ચિંતાપ્રેરક છે. મહિલા સંરક્ષણ એ આજના સમયમાં એક મહત્ત્વપૂર્ણ સામાજિક મુદ્દો છે. મહિલાઓ સમાજનો અડધો ભાગ છે, છતાં ઘણાં ક્ષેત્રોમાં તેઓ આજે પણ અસમાનતા, અસુરક્ષા અને ભેદભાવનો સામનો કરે છે. ઘરેલું હિંસા, જાતીય શોષણ, કાર્યસ્થળ પર થતી પજવણી અને જાહેર સ્થળોએ અસુરક્ષા જેવી સમસ્યાઓ હજુ પણ જોવા મળે છે. આ સમસ્યાના નિવારણ માટે સરકાર, પોલીસ અને સમાજ ત્રણેયની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. કડક કાયદાનો અમલ, ઝડપી ન્યાયપ્રક્રિયાની સાથે સાથે શાળા-કોલેજોમાં લિંગ સમાનતા અને સન્માન અંગે શિક્ષણ આપવું પણ ખૂબ મહત્ત્વનું છે. આ માત્ર કાયદાનો મુદ્દો નથી, પરંતુ એક સુરક્ષિત અને પ્રગતિશીલ સમાજની પાયાની જરૂરિયાત છે. મહિલાઓ સુરક્ષિત રહેશે તો જ દેશ સાચા અર્થમાં વિકાસ કરી શકશે. મહિલાઓને સંસદમાં આરક્ષણ મળે એની સામે વાંધો નથી, દેશની મહિલાઓને સુરક્ષા આપવી અનિવાર્ય છે.

સુરત - સુનીલ શાહ

મહિલાઓના આ કલા કૌશલની તમને જાણ છે ખરી?

આપણે ત્યાં કોઈ દિવસ ઘરની માતા, પત્ની કે દીકરીની બુદ્ધિમત્તા કેટલી હોય છે એનો કોઈ વિધિસર અભ્યાસ થયો નથી.દુનિયાના ખૂણે ખૂણે ઘર ઘર જે સવારે નાસ્તો, બપોરે ભોજન, સાંજે ચા-પાણી નાસ્તો, રાતે પાછું ભોજન. સોમવારથી રવિવાર રોજેરોજ વરસોવરસથી કરવામાં આવતી રોટલી. આ રોટલી બનાવવી પાછું એક કલા કોશલનું કામ છે. રસોઈ ઘર એટલે ફક્ત વાસણો જ નહીં એ તો એક બોલતી ચાલતી પ્રયોગશાળા છે. વઘાર કેવી રીતે કરવો, વઘારમાં કયો મસાલો કેટલો નાખવો? ક્યારે નાખવો? રાઇ ક્યારે તતડાવવી જોઈએ? હળદર કેટલી નાખવી? ક્યા સમયે નાખવી એ કલા છે. સૌથી મોટી નવાઈની વાત એ છે કે મહિલા શિક્ષિત હોય કે અભણ હોય. ડિગ્રી હોય કે ના હોય, ગુજરાતી, અંગ્રેજી આવડતું હોય કે ના હોય, રસોડું ચલાવનારી મહિલા કોઈ પણ મોટી કંપનીના મેનેજરથી પણ વધારે છે. મહિલા અનામતના શોરબકોર વચ્ચે મહિલાઓનું આત્મસન્માન આપણે જાળવીએ તો મહિલાઓને કોઈ અનામતની જરૂર નથી. માત્ર કાગળ પર અનામત આપવાથી કોઈ દિવસ મહિલાઓનું ભલું થયું નથી અને થવાનું નથી. આ વાતને સમજો, એનો અમલ કરો તો રસોડાની દેવી મનોમન જરૂર સ્મિત કરતી રહેશે.

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

વકીલ ભુલાભાઇ દેસાઇ

આઝાદ હિન્દ ફોજ વિશેના ચર્ચાપત્રમાં સૌ પ્રથમ ત્રિરંગો લહેરાવવા વિશે મિત્રમંડળ સાથે વાત કરતાં કેટલાક મુદ્દા ધ્યાનમાં આવ્યા. આઝાદ હિન્દ ફોજ એ તો પોતાનું કર્તવ્ય પૂરું કર્યું પરંતુ સમાજે એને માટે શું કર્યું. અહીં મહત્ત્વની વાત આવે છે એ રેડ ફોર્ટ ટ્રાયલ દરમ્યાન અંગ્રેજ જેવા શક્તિશાળી શાસન સામે લડનાર આપણા ગુજરાતના વકીલ ભુલાભાઈ દેસાઈ. એમના વિશે ભાગ્યે જ કંઇ જાણકારી સુલભ છે. હું તો પ્રયત્ન કરીશ જ પરંતુ કેટલીક માહિતી મેળવવા પત્રમિત્રો પણ પ્રયત્ન કરે. જેમ કે એ સમયે આઈએનએ માટે રાષ્ટ્રમાં કેવો જુવાળ હતો. ભુલાભાઈનું કાયદાકીય જ્ઞાન અને કોઠાસૂઝની બે વાતો. પોલિટિકલ વાત નથી કરવી પરંતુ રાષ્ટ્ર માટે આટલું બલિદાન આપનાર સૈન્ય માટે ભૂતકાળના શાસકોએ કંઇ કાર્યવાહી કરેલી કે કેમ. ભુલાભાઇ દેસાઇ માત્ર સારા વકીલ જ હતા કે પછી સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમનો કોઈ અન્ય ફાળો પણ હતો. સાથે સાથે સમાજે પણ એમને માટે શું કર્યું, જેમ કે એમનું સ્મારક કે પછી એમના વિશે કોઇ પુસ્તક. આશા છે આવા વિરલા વિશે આવી બધી જાણકારી પ્રગટ થાય.

સુરત - ચેતન સુશીલ જોષી

વ્યક્તિનો મિજાજ

આપણા જીવનમાં આપણે સૌને એક જ માપદંડથી માપીએ છીએ. વળી આપણે ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ આપણા જેવું જ વિચારે. આપણા જેવું જ જીવન જીવે, આપણા જેવી જ ભક્તિ કરે પણ દરેક વ્યક્તિનો મિજાજ અલગ હોય છે. પૃથ્વી પર રહેલાં કરોડો લોકોનાં ફિંગર પ્રિન્ટસ અલગ છે. તેમ તેમની જીવન જીવવાની પદ્ધતિ પણ ભિન્ન છે. કોઈ માટે ભક્તિ એટલે મંદિરમાં જઈને કલાકો બેસવું તો કોઇ માટે ભક્તિ એટલે ભૂખ્યાને ભોજન કરાવવું, જીવનમાં આપણે મહેનત કરીએ છીએ, જે અભ્યાસ કરીએ છીએ તે આપણને અન્યોથી અલગ પાડે છે. એવી જ રીતે એક જ શબ્દ જો પ્રેમથી બોલાય તો અમૃત બની જાય છે. કડવાશથી બોલાય તો ઝેર શબ્દ કરતાં શબ્દ પાછળનો ભાવ જ મહત્ત્વનો છે. તુંડે તુંડે મતિ ર્ભિન્ના કહેવાયું છે.

ગંગાધરા - જમિયતરામ શર્મા

ઉમંગ પ્રકલ્પનું ગુજરાતી ચલચિત્ર દ્વારા મનોરંજન

અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખાના ઉમંગ પ્રકલ્વ અંર્તગત સભ્ય બહેનો માટે માતૃભાષા સંવર્ધન માટે ગુજરાતી ચલચિત્ર લગન લાગી રે નું આયોજન કરવામાં આવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ ફાલ્ગુનીબેન જાગીરદાર દ્વારા સફળતા પૂર્વક રજૂ થયો હતો. અધ્યક્ષ વર્ષાબેન ઠક્કર તથા પ્રમુખશ્રીએ આભાર વ્યકિત કર્યો હતો. સભ્ય બહેનોએ આનંદપૂર્વક ચલચિત્ર નિહાળ્યું હતું.

સુરત - નેહા શાહ

સુરતનું ગૌરવ

ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લિ.તેના અસ્તિત્વના ૧૦૫ મા વર્ષમાં પ્રવેશ કરશે. RBI દ્વારા તેને મલ્ટી નેશનલ શિડ્યુલ બેંકનો દરજ્જો પણ પ્રાપ્ત થઈ ચૂક્યો છે. જ્યાં સુધી ગ્રાહકોની સેવાનો પ્રશ્ન છે ત્યાં સુધી એવું ચોક્કસ કહી શકાય કે જેઓ પણ આ બેંકના ગ્રાહક છે તેમાંથી કોઈને પણ ગ્રાહકસેવા અંગે કોઈ ફરિયાદ કરવાની હોતી નથી. હાલમાં મુંબઈ સહિત સુરત અને સુરત બહાર મળીને બેંક કુલ ૩૬ જેટલી શાખાઓ ધરાવે છે. કો.ઓ.બેંકોમાં ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક એકમાત્ર એવી બેંક છે જેને ૨૦૨૩માં RBI એ કરન્સી ચેસ્ટ શરૂ કરવા માટે મંજૂરી આપી હોય. આ બેંકની મુખ્ય શાખા સુરત મુકામે કાર્યરત છે તે બાબત આપણા સુરત શહેર માટે અત્યંત ગૌરવપ્રદ બાબત ગણાય. એક બેંકિંગ વ્યવસાયને અનુલક્ષીને જોઈએ તો આ અત્યંત સેવાકીય - માનવતાભર્યું અને આવકારદાયક પગલું ગણાય. તા.૨૧ એપ્રિલે ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લિ. તેના અસ્તિત્વના ૧૦૫મા વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહી છે ત્યારે આ બેંક ઉત્તરોત્તર પ્રગતિનાં અનેક સોપાનો સર કરતી રહે અને ઉપર જણાવ્યા છે તેવાં માનવતા અને સેવાનાં કાર્યો પણ કરતી રહે તેવી અનેકાનેક શુભેચ્છાઓ.

સુરત - સુરેન્દ્ર દલાલ